TATA SHAKTEE GC SHEET · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC · durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનિટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · TATA SHAKTEE GC SHEET
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ એકમ મંગળવાર ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૨ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

### સરકારે E85 અને E100 ઈંધણ વાહનોને આપી મંજૂરી: ખાસ સર્ટિફાઈડ વાહનો જ ચાલશે શુદ્ધ ઈથેનોલ પર

# હવે 100% ઈથેનોલથી દોડશે ગાડીઓ



**100** ટકા ઈથેનોલથી વાહનો ચલાવવા અને ક્રૂડ પર નિર્ભરતા ઘટાડવા સરકારે કર્યો નિયમોમાં ફેરફાર

**લાઈટ** વહીકલ્સ માટે વજન મર્યાદા વધારીને 3,500 કિલો કરાઈ

**હાલના** વાહન માલિકોએ E85 કે E100 પર સ્વિચ કરવાની જરૂર નથી

**બ્રાઝિલ** અને અમેરિકા જેવા દેશોમાં 'ફ્લેક્સ ફ્યુઅલ' ટેક્નોલોજીનો ઉપયોગ પહેલેથી થાય છે

**નવી દિલ્હી, તા. 26 (PTI):** કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રાલયે સોમવારે સેન્ટ્રલ મોટર વહીકલ્સ રૂલ્સમાં સુધારાની અધિસૂચના બહાર પાડી છે. આ નવતર સુધારા અંતર્ગત E100 (લગભગ સંપૂર્ણપણે શુદ્ધ ઈથેનોલ) થી ચાલી શકે તેવા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રાલયના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, E20 (20 ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ)થી વધુ અને E100 સુધીનું ઈંધણ માત્ર એવા જ વાહનો માટે ઉપયોગી થશે જે ખાસ કરીને આ ઈંધણ માટે ડિઝાઈન અને સર્ટિફાઈડ થયેલા હોય. સામાન્ય કે E20 ઈંધણથી ચાલતા વાહનોમાં E85 કે E100 ઈંધણ વાપરી શકાશે નહીં. આ સુધારા સાથે સરકારે હળવા પેટ્રોલ અને ડીઝલ વાહનો માટે વજનની મર્યાદા 3,000 કિલોથી વધારીને 3,500 કિલોગ્રામ કરી દીધી છે.

E85 અને E100 ઈંધણ માટે સર્ટિફાઈડ થનારા વાહનોએ પોતાની કેટેગરીના ઉત્સર્જન અને સુરક્ષાના તમામ નિયમોનું પાલન કરવું પડશે.

આ જાહેરનામા હેઠળ હાલના વાહનમાલિકોએ E85 કે E100 પર સ્વિચ કરવાની કે અત્યારે કે ભવિષ્યમાં પોતાના વાહનોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.

ચાલુ વર્ષના જૂન મહિનામાં મારુતિ સુઝુકી ઈન્ડિયાએ ભારતનું પ્રથમ ફ્લેક્સ-ફ્યુઅલ પેસેન્જર વહીકલ 'વેગન આર ફ્લેક્સ ફ્યુઅલ' લોન્ચ કર્યું હતું, જે E20થી E100 સુધીના ઈથેનોલ-પેટ્રોલ મિશ્રણ પર ચાલવા માટે સક્ષમ છે.

કેન્દ્ર સરકાર દેશના ચાલુ ખાતાની ખાધમાં મોટો હિસ્સો ધરાવતી ક્રૂડ ઓઈલની આયાત પરની નિર્ભરતા

...અનુસંધાન પાના 15 પર

### ફ્લેક્સ ફ્યુઅલ વાહનોના પાર્ટ્સ ખાસ ઈંધણ માટે પસંદ કરાય છે

ફ્લેક્સ ફ્યુઅલ વાહનોના પાર્ટ્સ અને સામગ્રી ખાસ ઈંધણ માટે પસંદ કરાય છે. વાહનની એન્જિન કંટ્રોલ સિસ્ટમ ટેન્કમાં રહેલા ઈંધણના મિશ્રણ મુજબ પોતાની જાતે જ ઓપરેશન એડજસ્ટ કરી લે છે, જેથી વાહનચાલકને કંપની દ્વારા સર્ટિફાઈડ મિશ્રણમાંથી ગમે તે ઈંધણ પસંદ કરવાની છૂટ રહે છે. બ્રાઝિલ અને અમેરિકા જેવા દેશોમાં 'ફ્લેક્સ ફ્યુઅલ' ટેક્નોલોજીનો ઉપયોગ પહેલાથી થાય છે. આ વાહનો એક જ ફ્યુઅલ ટેન્કનો ઉપયોગ કરીને ઇથેનોલ અને પેટ્રોલના અલગ-અલગ મિશ્રણ પર ચાલી શકે છે.

### પર્યાવરણીય ફાયદા અને ઈથેનોલનો સ્ત્રોત

પરંપરાગત પેટ્રોલની સરખામણીએ ઇથેનોલમાં કાર્બન ફૂટપ્રિન્ટ ઘણી ઓછી હોય છે. ઈથેનોલના વધુ ઉપયોગથી વાહનોમાંથી નીકળતા કાર્બન મોનોક્સાઇડ અને ચોક્કસ હાઇડ્રોકાર્બનનું ઉત્સર્જન ઘટાડવામાં મોટી મદદ મળશે. E100નો અર્થ 100 ટકા શુદ્ધ ઇથેનોલ થાય છે. ઇથેનોલ એ મુખ્યત્વે શેરડી અને મકાઈ જેવા જૈવિક સ્ત્રોતોમાંથી તૈયાર કરવામાં આવતું 'બાયો ઈંધણ' છે.

## દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગર દુષ્કાળગ્રસ્ત જાહેર

**ખેડૂતોને** હેક્ટરદીઠ રૂ. ૮,૫૦૦ની સહાય, પશુદીઠ રોજના રૂ.૮૦ આપવાનો નિર્ણય

**૧ નવેમ્બરથી** અમલ: ખેડૂતોને પાક નુકસાન સામે બે હેક્ટરની મર્યાદામાં સહાય, પશુઓ માટે બે મહિના સુધી રાહત

**ગાંધીનગરઃ** રાજ્યમાં સરેરાશ ૮૯ ટકા વરસાદ થયો હોવા છતાં ઓછા વરસાદને કારણે ખેતી અને પશુપાલન પર અસર પામેલા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગર એમ ચાર જિલ્લાઓને રાજ્ય સરકારે દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે. દુષ્કાળની સ્થિતિમાં ખેડૂતોને પાક નુકસાન સામે હેક્ટરદીઠ રૂ.૮,૫૦૦ની સહાય, પશુઓના નિભાવ માટે પશુદીઠ રોજના રૂ.૮૦ અને ગ્રામીણ પરિવારોને રોજગારી મળી રહે તે માટે ૧૫૦ માનવદિન

...અનુસંધાન પાના 15 પર

### રાજ્યમાં રૂ.૨ના કિલોદીઠ ભાવે અત્યાર સુધી ૧.૨૧ કરોડ કિલો ઘાસનું વિતરણ

રાજ્ય સરકારે વિલંબિત વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને આગોતરું આયોજન કરતાં જૂન-જુલાઈ, ૨૦૨૬થી જ સમગ્ર રાજ્યમાં રાહતદરે ઘાસચારા વિતરણ શરૂ કરાવ્યું હતું. અત્યાર સુધીમાં કિલોદીઠ રૂ. ૨ના ભાવે ૧.૨૧ કરોડ કિલોગ્રામ ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે. હાલ રાજ્ય સરકાર પાસે ત્રણ કરોડ કિલોગ્રામ ઘાસનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે વધારાના ઘાસની ખરીદીની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

### રોજગારી અને સિંચાઈ માટે પણ આયોજન

દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલા જિલ્લાઓમાં ગ્રામીણ લોકોને રોજગારી મળી રહે તે માટે વી.બી.-જી રામ જી યોજના હેઠળ ૧૫૦ માનવદિન રોજગારી આપવાનો નિર્ણય કરાયો છે. બીજી તરફ, આગામી રવિ સિઝનમાં સિંચાઈ માટે રાજ્યના ૭૬ ડેમોના કમાન્ડ વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે. ચાલુ વર્ષે રાજ્યના મુખ્ય ૨૦૬ ડેમોમાં ૬૬ ટકા જળસંગ્રહ નોંધાયો છે. પીવાના પાણીની જરૂરિયાતને પ્રાથમિક્તા આપીને ૩૦ જૂન, ૨૦૨૭ સુધી પીવાનું પાણી અનામત રાખવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ડેમોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને આધારે સિંચાઈ માટે એકથી ચાર પિયત આપવાનું આયોજન કરાયું છે.



pp

પૂર્વ ચીનના જિયાંગસુ પ્રાંતના નાનજિંગ શહેરમાં એઆઇ પાવર્ડ રેસ્ટોરાં શરૂ થઈ છે. આ એઆઇ મિરર વર્લ્ડ રેસ્ટોરન્ટમાં માનવ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સહિયારા ઓપરેશન મોડેલ દ્વારા ગ્રાહકોને અનોખો અનુભવ મળી રહ્યો છે. આ આધુનિક રેસ્ટોરન્ટમાં સ્માર્ટ નૂડલ અને બેવરેજ મશીનોથી સજ્જ એઆઇ કિચન દ્વારા પ્રમાણિત ઉત્પાદન પદ્ધતિથી ખોરાક અને પીણાં તૈયાર કરવામાં આવે છે. રસોડામાં રોબોટિક આર્મ્સ સામગ્રીની હેરફેર કરે છે અને ગ્રાહકો મશીનમાંથી ગરમ સૂપ તેમજ ભોજન મેળવે છે. સ્ટાફ મેમ્બર્સ અને ટેક્નોલોજીના સમન્વયથી ચાલતા આ રેસ્ટોરન્ટમાં લોકો મોટી સંખ્યામાં ભોજનનો આનંદ માણી રહ્યા છે.

# દિલ્હી ડાયરી



### રેહાન વાડ્રા ફોટો પ્રદર્શન વિવાદ

કોંગ્રેસ સાંસદ અને એઆઈસીસીના જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધી વાડ્રાના પુત્ર રેહાન વાડ્રાએ પક્ષના રાજકારણથી અંતર જાળવી રાખ્યું છે. દિલ્હીના હૃદયસમા વિસ્તારમાં ઇન્ડિયા ગેટ નજીક આવેલા રાજસ્થાન સરકારની માલિકીના એક સ્થળે ગયા અઠવાડિયે તેમના ફોટો પ્રદર્શન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. રેહાને પાછળથી જણાવ્યું હતું કે, અજાણ્યા લોકો દ્વારા ફોટો પ્રિન્ટ્સ લગાવવામાં આવ્યા હતા, જેની સાથે તેમને કોઈ લેવાદેવા નથી. આ તસવીરો પ્રદર્શનના સ્થળની બહાર ભારતના ચૂંટણી પંચ અને ખાસ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મતદાર યાદીઓની વિશેષ ગહન સુધારણા (એસઆઈઆર) દ્વારા ચૂંટણી કાર્ડ/યાદીઓમાં કથિત ગડબડના મુદ્દે તાજેતરમાં થયેલા વિરોધ પ્રદર્શનોની હતી. તેમણે કહ્યું કે તેઓ કોઈપણ પ્રકારની સેન્સરશીપના વિરોધમાં છે અને જો તેમના પરિવાર અથવા કોંગ્રેસ વિરુદ્ધના પ્રદર્શન પર પણ સેન્સરશીપ આવે તો પણ તેઓ તેનો વિરોધ કરશે. ત્યાર બાદ, યુથ કોંગ્રેસે લ્યુટિયન્સ દિલ્હીના રસ્તાઓ પર રેહાનના કાર્યોનું પ્રદર્શન યોજવાની તેમની ઓફરની જાહેરાત કરવા માટે બોલાવેલી પત્રકાર પરિષદ રદ કરવી પડી હતી. કોંગ્રેસના પ્રચાર પ્રમુખ અને સાંસદે પવન ખેડાએ પણ એક પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું હતું કે રેહાન ખુદ એક સ્વતંત્ર વ્યક્તિ છે અને તેમના કામ અંગેના પ્રશ્નો તેમને જ પૂછવા

...અનુસંધાન પાના 11 પર

તા.૨૬-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૮° સે. | ૨૦.૬° સે. | ૩૯% |

## AI જાયન્ટ કંપની એન્થ્રોપિક IPO લાવવાની તૈયારીમાં

**આ આઇપીઓ** અત્યાર સુધીનો સૌથી મોટો આઇપીઓ બની રહે તેવી શક્યતા

**ઓફરિંગ** પ્રાઇઝ હજી અનિશ્ચિત છે પરંતુ આ આઇપીઓ સ્પેસએક્સના આઇપીઓને પણ પાછળ મૂકી દે તેવી ધારણા




**સાન ફ્રાન્સિસ્કો, તા. 26 (AP):** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) ક્ષેત્રની દિગ્ગજ કંપની એન્થ્રોપિકે સોમવારે અત્યાર સુધીના સૌથી મોટા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) માટેના દસ્તાવેજો રજૂ કર્યા છે, જો કે તેના ટોચના અધિકારીએ ચેતવણી આપી છે કે અદ્યતન AI માનવતા માટે અસ્તિત્વનું જોખમ ઊભું કરી શકે છે.

આ ફાઈલિંગને કારણે સાન ફ્રાન્સિસ્કો સ્થિત આ કંપની આવતા મહિને વોલ સ્ટ્રીટ પર ડેબ્યૂ કરવા જઈ રહી છે, જે સંભવિતપણે જૂનમાં થયેલા સ્પેસએક્સના IPOને પાછળ છોડી દેશે, જેણે વિક્રમજનક ૮૬ અબજ ડોલર એકત્ર કર્યા હતા. એન્થ્રોપિકનો IPO, પ્રાઈમરી AI લેબ્સની આ રેસમાં ઓપનએઆઈ કરતા પણ પહેલા પબ્લિક થવામાં આગળ કરી દેશે.

આ ફાઈલિંગ, તેના CEO ડારિયો અમોડેઈ દ્વારા સૌથી અદ્યતન AI મોડેલ્સના વિકાસને ધીમો કરવા અંગેના એક નિબંધના થોડા અઠવાડિયા પછી આવી છે. IPO એન્થ્રોપિકને તેના વિસ્તરણને વેગ આપવા માટે પુષ્કળ સંસાધનો પૂરા પાડી શકે છે. કંપની અંતે કેટલી રકમ એકત્ર કરશે તે અનિશ્ચિત છે, તેમજ તેનું ફાઈનલ વેલ્યુએશન અને ઓફરિંગ પ્રાઈસ પણ અનિશ્ચિત છે, પરંતુ ઓછા અંદાજો પર પણ, આ પાંચ વર્ષ જૂની સ્ટાર્ટઅપને દુ:નિયાની સૌથી મૂલ્યવાન કંપનીઓમાંની એક બનાવી દેશે અને સંભવિતપણે

...અનુસંધાન પાના 15 પર

### ચીનના 'વોટર બોમ્બ' સામે ભારતનો માસ્ટરપ્લાન અટવાયો

## અરૂણાચલ પ્રદેશમાં સિયાંગ ડેમ સામે સંગ્રામ

**બ્રહ્મપુત્રા** નદી પર બંધાતા ચીનના વિશાળ બંધનો દુરુપયોગ થાય ત્યારે તેનો સામનો સિયાંગ ડેમ કરી શકે છે એમ ભારત સરકારનું માનવું છે

**જો કે** અરૂણાચલ પ્રદેશના કેટલાક સ્થાનિક સમુદાયો સિયાંગ બંધને તેમની જમીન, સંસ્કૃતિ અને પર્યાવરણ સામે જોખમ તરીકે જુએ છે

**જેન-ઝીનો** પણ ભારે વિરોધ, આગચંપી અને તોડફોડના બનાવો: કેન્દ્રીય દળો તૈનાત કરાયા

**ઈટાનગર, તા. 26 :** અરૂણાચલ પ્રદેશમાં ૧૧,૨૦૦ મેગાવોટના પ્રસ્તાવિત સિયાંગ ડેમ સામે સ્થાનિક આદિ સમુદાય અને યુવાનો ભારે વિરોધ કરી રહ્યા છે. એક તરફ ભારત સરકાર આ પ્રોજેક્ટને ચીન દ્વારા બ્રહ્મપુત્રા નદી પર બનાવવામાં આવી રહેલા વિશાળ ડેમ સામે રક્ષણ આપતા એક વ્યુહાત્મક પગલાં તરીકે જોઈ રહી છે, તો બીજી તરફ સ્થાનિક લોકો તેમની જમીન, સંસ્કૃતિ અને પર્યાવરણને લઈને ચિંતિત છે.

શુક્રવાર, ૨૩ ઓક્ટોબરના રોજ

...અનુસંધાન પાના 15 પર

### બ્રહ્મપુત્રા નદીમાં રેકોર્ડ પૂરનું જોખમ: ખુદ ચીની સંશોધકોની ચેતવણી

**બૈજિંગ.** ચીની સંશોધકોએ ચેતવણી આપી છે કે તિબેટમાં બ્રહ્મપુત્રા નદી, જ્યાં ચીન અંદાજે ૧૬૮ અબજ ડોલરના ખર્ચે વિશ્વનો સૌથી મોટો ડેમ બાંધી રહ્યું છે, તેમાં આ સદી દરમિયાન પાણીના પ્રવાહમાં વધારો અને પૂરનું જોખમ વધી શકે છે. ચાઇનીઝ એકેડેમી ઓફ સાયન્સિસ અને યુનાન યુનિવર્સિટીના સંશોધકોએ ૧૩૨૫થી ૨૦૨૦ સુધીના નદીના પ્રવાહના ઇતિહાસનું રિકન્સ્ટ્રક્શન કરવા માટે દક્ષિણપૂર્વીય તિબેટિયન પઠાર પરની ટ્રી-રિંગ વીડ્થ ક્રોનોલોજીઓનો ઉપયોગ કર્યો હતો. તેમણે આ રિકન્સ્ટ્રક્શનને હવામાન ડેટા સાથે સાંકળ્યો હતો અને તેના વડે રચાયેલ મોડેલ સૂચવે છે કે ભાવિ હવામાન પરીદ્રશ્ય હેઠળ નદીના વહેતા પ્રવાહમાં વધારો થશે અને સંભવિતપણે પૂર જેવા ઉંચા પ્રવાહની ઘટનાઓમાં વધારો થશે. હોંગકોંગ સ્થિત 'સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટ' દ્વારા સોમવારે અહેવાલ આપવામાં આવ્યો હતો કે, સંશોધક ટીમે ૮ ઓક્ટોબરે 'ચાઇના સાયન્સ બુલેટિન' જર્નલમાં પ્રકાશિત થયેલા એક શ્રમપત્રમાં જણાવ્યું હતું કે, "આ પરિણામો યાર્લુંગ ત્સાંગપો નદીમાં હાઇડ્રોક્લાઇમેટિક ચલણ પર દીર્ઘકાલીન દ્રષ્ટિકોણ અને ભવિષ્યના પાણીના સંસાધનના જોખમોનું

...અનુસંધાન પાના 15 પર

## બજેટ પહેલાં જ LTCG ટેક્સ ઘટાડવાની વિચારણા

**સેબી,** સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ, બેન્કો સાથે બેઠકોનો દોર ચાલ્યો

**2026માં** એફઆઇઆઇનો આઉટફ્લો 3.1 લાખ કરોડ રૂપિયાનો આઉટફ્લો રહેતા સરકાર ગંભીર બની

**નવી દિલ્હી, તા. 26:** શેરબજારના સેન્ટિમેન્ટને ફરી મજબૂત કરવા અને વિદેશી રોકાણને આકર્ષિત કરવા માટે યુનિયન સરકાર લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ(LTCG) ટેક્સમાં ઘટાડો કરવા અને વિદેશી રોકાણકારો માટે ડોલર-આધારિત કરવેરા પદ્ધતિ શરુ કરવાના પ્રસ્તાવો પર વિચાર કરી રહી હોવાના અહેવાલ છે. કદાચ બજેટ પહેલાં જ જાહેરાત થઈ શકે છે.

સરકાર બજેટ 2027-28 પહેલા LTCG ટેક્સમાં સંભવિત ઘટાડા અંગે ચર્ચા કરી રહી છે. હાલમાં લાંબા ગાળાનો કેપિટલ ગેઈન્સ ટેક્સ દરો 12.5% છે. વિદેશી રોકાણકારો માટે ડોલર-આધારિત કેપિટલ ગેઈન્સ ટેક્સેશન વિચારણા હેઠળ છે. સપ્ટેમ્બર 2026માં CDSL ડિમેટ ખાતાની સંખ્યા 19.34 કરોડ પહોંચી છે ત્યારે SBI એ ઈક્વિટી રોકાણ પર LTCG ટેક્સ નાબૂદ કરવાની ભલામણ કરી છે. ખાસ કરીને એફપીઆઈના સતત વેચવાલીની અસરથી સરકાર પુનઃ વિચારની દિશામાં આગળ વધી રહ્યું છે. લાંબા સમયથી વિદેશી અને સ્થાનિક રોકાણકારોની એલટીસીજી




ટેક્સ ઘટાડવાની માગ રહી છે. વિદેશી અને સ્થાનિક રોકાણકારો દ્વારા કરાતા ઈક્વિટીના વેચાણ પર એલટીસીજી ટેક્સ ઈન્ડેકસેશન બેનિફિટ્સ વિના 12.5 ટકા છે, લિસ્ટેડ શેર પર નાણાકીય વર્ષમાં 1.25 લાખ રૂપિયાથી વધુના લાભ પર આ કર લાગુ પડે છે. અનલિસ્ટેડ શેરના વેચાણ પર આવી કોઈ મર્યાદા લાગુ નથી. સરકાર ટુંકસમયમાં પુનર્ગઠન અંગે નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા છે. સરકાર એલટીસીજી દરની તપાસ કરી રહી છે અને મોટી અર્થવ્યવસ્થાઓમાં શું લાગુ પડે છે તે ચકાસવામાં આવી રહ્યું છે. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકારે ઉદ્યોગ, સેબી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ, બેન્કો અને અન્ય હિસ્સેદારો સાથે એલટીસીજી ફ્રેમવર્ક અને મુડી આઉટફ્લો પર તેની અસર પર અનેક બેઠકો કરી છે. સીડીએસએલના ડેટા દર્શાવે છે કે 2026માં અત્યાર સુધીમાં ઈક્વિટીમાંથી સંચિત એફપીઆઈ આઉટફ્લો 3.1 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે., જે 2025 દરમ્યાન કુલ રૂ. 1.7 લાખ કરોડની વેચવાલી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશી રોકાણકારો માટે ઈક્વિટી એલટીસીજી યુએસ, યુકે, સિંગાપોર, હોંગકોંગ, યુએસઈ, જાપાન અને કેનેડામાં શૂન્ય કર આકર્ષિત કરે છે. ચીનમાં કેટલાક શેરોને એલટીસીજીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જ્યારે અન્ય પર 10 ટકા ટેક્સ રેટ છે.

